જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૩/૨૦૧૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૪૯૭/૧૫

## ગુજરાત રાજ્યના ધોરી માર્ગો પર ટ્રાન્સપોર્ટની ટ્રકને રોકી ડ્રાઈવરને લાલચ આપી ટ્રકમાંથી દવા બનાવવાનો ઓરીઝનલપાઉડર કાઢીલઇ તેની જગ્યાએ મીઠું અથવા શંખજીરું મિલાવી દઈ છેતરપીડી કરતી ગેન્ગના સભ્યને પકડી પાડતી શહેર ક્રાઈમબ્રાંચ.

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓએ આપેલ સુચના મુજબ કિરણ પટેલની ટીમના પો.સ.ઇન્સ.રાજેશ સુવેરા નાઓ ટીમના માણસો સાથે પેટ્રોલીંગમાં નિકળેલ તે વખતે ચોકક્સ બાતમી આધારે આરોપી મનુભાઇ બચુભાઇ પટેલ ઉવ.૫૪ રહેવાસી ૪૬, સ્વાગત બંગ્લોઝ બીજી લાઇન કડી તા.કડી જિલ્લો મહેસાણા નાને પકડી પાડી તેની પુછ પરછ કરતાં તેણે જણાવેલ કે આ પકડાયેલ મનુભાઇ તથા તેના અન્ય સાગરીતો મળી હાઇવે પર કોઇપણ હોટલ પર બેસી રહેતાં હતાં અને કોઇ ટ્રાન્સપોર્ટની ટ્રકની રાહ જોતાં અને કોઇ ટ્રક ત્યાંથી પસાર થાય તો આ મનુભાઇ તથા તેના સાગરીતો આ ટ્રકને ઉભી રખાવી ટ્રકના ડ્રાયવરને મોટી રકમ આપવાની લાલચ આપી ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી દવા બનાવવાનો કિંમતી પાવડર કાઢી લેતાં હતાં અને તેની જગ્યાએ મીઠુ અથવા શંકજીરૂ પાવડર મિલાવી દેતાં હતાં.

સદરી ઇસમને પકડી તેની પુછ પરછ કરતાં તેણે ગયા ડીસેમ્બર મહિનાના અંતમાં તેના અન્ય સાગરીતો સાથે મળી નરોડા ખાતે બ્લ્યુ ડાર્ટ ટ્રાન્સપોર્ટના ડ્રાઇવર ની સાથે સેટીંગ કરી એરપોર્ટથી ટાટા-૪૦૭ ગાડી આવેલ અને નરોડા રોડ પર આ ગાડીમાંથી કાચા ચાંદીની પાયલો અને બીજા દાગીના મળી ૯,૦૦,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કાઢી લીધેલ હતાં.

તેજ રીતે બેએક વર્ષ પહેલાં અસલાલીથી સુરેન્દ્રનગર દવાના પાર્સલો લઇ જતી ટ્રકના ડ્રાઇવર પ્રવિણ ઝાલાને આ પકડાયેલ ઇસમ તથા તેના સાગીરીતોએ મોટી રકમ આપવાની લાલચ આપી કિંમતી દવાના પાર્સલ અને દવા બનાવવાના કિંમતી કેમીકલના ડ્રમ કાઢી લીધેલ.તે બાદ ગયા એપ્રિલ માસમાં અસલાલી રીંગ રોડ ચાર રસ્તા પાસેથી બ્લ્યુડાર્ટ ટ્રાન્સપોર્ટ કંપનીના ડ્રાઇવરની સાથે સેટીંગ કરી તેની પાસેની બંધ બોડીની ટ્રકમાંથી ૬ પાર્સલ દવાના લીધેલ હતાં.

તે સિવાય ત્રણેક વર્ષ પહેલાં આ પકડાયેલ મનુભાઇ તેના અન્ય સાગરીતો સાથે મળી શામળાજી બોર્ડર પર આવેલ હરીઓમ હોટલ પર બેસી છ એક ગુન્હાઓ આચરેલ છે જેમાં બ્લ્યુ ડાર્ટ કંપનીની ટ્રકમાંથી ૬ ડબ્બા કેમીકલ, ઓમ લોજીસ્ટીક ના કંન્ટેનર માંથી ૧૦ ડબ્બા કેમીકલ જેમાં ૨૫૦ કિલો કેમીકલ હતુ, તે બાદ બ્લ્યુડાર્ટ ટ્રાન્સપોર્ટના કંન્ટેનરમાંથી ૧૦ ડબા જેટલુ કેમીકલ પાવડર, જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટ કંપનીની ગાડીમાંથી ૮ ડબ્બા કેમીકલ તથા સૈફ લોઝીસ્ટીકની ગાડીમાંથી ૮ ડબ્બા ભરેલ કેમીકલ તે બાદ ફરીથી સેફ લોજીસ્ટીક ની ગાડીમાંથી ૮ ડબ્બા કેમીકલ કાઢી લીધેલ હોવાની કેફીયત જણાવેલ છે.

આમ આ રીતે તેણે અમદાવાદ શહેર તથા હાઇવે પર આવા ગુન્હાઓ આચરેલ છે અને તેણે મોટો ભાગે બ્લ્યુડાર્ટ ટ્રાન્સપોર્ટ કંપનીના કન્ટેન્રો, તથા સૈફ લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટ, તથા ઓમ લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટના કન્ટેનરોના ડ્રાઇવરોને મોટી રકમ આપવાની લાલચ આપી આ ગાડીમાંથી મોટાપ્રમાણમાં દવા બનાવવાના કિંમતી કેમીકલ, ફાર્મા સ્યુટીકલ દવાઓના પાવડર તેમજ સોના ચાંદીના દાગીનાની ચોરી કરેલ હોય તેવા ૭ થી વધુ ગુન્હાઓની કબુલાત આપેલ છે આ સિવાય પકડાયેલ ઇસમે ગુજરાત રાજ્ય તેમજ રાજ્ય બહાર પણ આવા અનેક ગુન્હાઓ કર્યા હોવાની પુરેપુરી શકયતા રહેલ છે.જેથી આરોપીએ આવા પ્રકારના કેટલા ગુન્હાઓ આચરેલ છે તે બાબતે સઘન પુછપરછ ચાલુ છે.



(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.